પ્રેમ અને મૃત્યુનો વાદવિવાદ

જીવનની આગેકૂચને કોક આદિ શૂન્યની પ્રત્યે દોરી જતો યમદેવનો વિષાદ-જનક ને વિનાશકારી અવાજ ઠંડો પડયો. પણ સાવિત્રીએ એ સર્વસમર્થ દેવને ઉત્તર આપ્યો:

"ઓ કાળમુખા વિતંડાવાદી! સત્ય વસ્તુને તું એ સત્ય વસ્તુના વિચારથી સંતાડે છે, પ્રકૃતિના જીવતા મુખને તું જડ પદાર્થોથી ઢાંકી દે છે, તારા મરણના નર્તનને સનાતનતાનું અવગુંઠન બનાવી દે છે. તારું તત્ત્વજ્ઞાન કઠોર છે, ગ્લાનિ-જનક છે. સત્યની સહાય લઈને તું અસત્યને સાચું ઠરાવવા માગે છે. તું જે સત્ય ઉચ્ચારે છે તે મારક સત્ય છે; હું ઉગારનાર સત્યથી તને ઉત્તર આપું છું.

एक એવા પ્રભુએ જડદ્રવ્યના જગતથી આરંભ કર્યો, શૂન્યાકાશને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, રાત્રિને સનાતન પ્રકાશની પ્રક્રિયા અને મૃત્યુને અમૃતત્વ પ્રત્યે પ્રેરનારું બળ બનાવ્યું. અનંતતાએ અસીમ શૂન્યનું રૂપ લીધું. આનંદની અગાધતા અચિત્ ગર્તોમાં ફેરવાઈ ગઈ. શાશ્વતી બની રિક્ત અધ્યાત્મ વિરાટ. અકાળે શૂન્યાવકાશમાં પ્રવેશીને વિશ્વનો આકાર રચ્યો, જેથી કરીને આત્મા કાળના સાહસમાં ઊતરે અને જીવ વિશ્વયાત્રા આરંભે.

વિચાર વિરચાયો, ગુપ્ત રહી કાર્ય કરતા ઉદીયમાન અગ્નિની ચિનગારી રૂપે ચૈત્ય પ્રકટ થયો. અભાવાત્મકતામાં પરમાત્માની મહાબલિષ્ઠ શકિત કામ કરવા લાગી. પરિણામે જડ દ્રવ્યમાંથી સુષુપ્ત જીવન જાગ્યું, જાગેલા જીવનમાંથી સુષુપ્ત મન જાગ્યું, વિશ્વનું હૃદય ધબકવા લાગ્યું, આંખો ઊઘડીને જોવા લાગી. વિચારે હવે ફંફોળવા માંડયું, વાણીની એણે શોધ કરી અને પછી તો અજ્ઞાનના ગર્તો ઉપર પ્રકાશના પુલ બંધાવા લાગ્યા.

તિર્યંચો વચમાંથી ટટાર ઊભો થઈ મનુષ્ય બે પગે ચાલવા લાગ્યો. એણે જીવનનું નવ નિર્માણ આરંભ્યું, વિશ્વ વિસ્તારનું માપ લેવા માંડયું, જગત ઉપર સત્તા સ્થાપતા નિયમો શોધ્યા ને તેમનું સંયમન કરી કામે વળગાડી દીધા. માણસ પોતાની પરિસ્થિતિનો પ્રભુ બન્યો, આકાશનો અસવાર થયો, તારાઓએ જઈ પહોંચવાની આશાઓનો ઉપાસક બન્યો. ને હવે તો એ અર્ધ-દેવ જેવો બનીને મનની બારીઓમાં થઈ પાર પ્રત્યે અવલોકે છે, ચૈત્યના પડદા પાછળ સંતાઈને અજ્ઞાત વસ્તુઓ વિલોકે છે અને પરમ સત્યની ઉપર માનવ મીટ માંડે છે સનાતન સૂર્યના કિરણે

એને સ્પર્શ કર્યો છે, પરા પ્રકૃતિના પ્રકાશ પ્રત્યે એ પ્રબુદ્ધ થયો છે, મહિમાવંતી પ્રદીપ્ત પાંખોને એ પેખે છે ને પ્રભુના ઊતરી આવતા બૃહદ્ બળનો પ્રત્યક્ષ અનુભવ કરે છે.

હે મૃત્યુદેવ! તું અધૂરા જગતને જુએ છે. અપૂર્ણ મનને ને અજ્ઞાન જીવોને જોઈને તું કહે છે કે પ્રભુ નથી, સઘળું આળપંપાળ છે. પણ અત્યારે જે બાળક છે તે શું મોટું નહિ થાય? શું તે જ્ઞાન—પ્રજ્ઞાનના પાઠ નહિ શીખે? એક નાનકડા બીજમાં શું વિશાળું વૃક્ષ નથી રહ્યું? એક છેક તનક શુક્રાણુમાંથી વિશ્વનો વિજેતા જન્મશે, પરમ જ્ઞાની પુરુષાવતાર પ્રકટ થશે. ગુપ્ત રહેલા પ્રભુમાંથી ભુવનારંભ થયો છે, પ્રકટ સ્વરૂપ પ્રભુ પ્રત્યે એ ક્રમશ: આગળ વધે છે.

આપણી અપૂર્ણતા પૂર્ણતા માટે પ્રયત્ન કરે છે. દેહ આત્માનો કોશેટો છે. જડતત્ત્વ જગતના જાદૂગરની રચના છે ને એની અંદર જે મહાશ્ચર્ય રહેલું છે તેનું એને ભાન નથી. બાકી, અખિલ બ્રહ્માંડ પરબ્રહ્મની ગુપ્ત રહેલી મહાશક્તિની પ્રત્યક્ષ સાક્ષી પૂરે છે. સૂર્ય છે એના પ્રભાવશાળી મહિમાનો પ્રભાપુંજ, ચંદ્ર છે એની વિલસતી વિભૂતિ, સ્વપ્નલીન નીલાકાશમાં એની અનંતતા પ્રકટ થાય છે. લીલાં વૃક્ષોમાં એનું સૌન્દર્ય સુહસી ઊઠે છે, પુષ્પોમાં એની મનોહરતાનો જયજયકાર થાય છે, ઉલ્લાસતો સુનીલ સાગર એનાં ગૌરવગાન ગાય છે, સરિતોના ગરતા સ્વરોમાં સનાતનની સિતારી બાજે છે.

આ જગત એટલે બાહ્ય સ્વરૂપે સંસિદ્ધ થયેલો સર્વેશ્વર. એની અકળ કળા બુદ્ધિને ને ઇન્દ્રિયોને માટે એક પડકાર જેવી છે. એક અજ્ઞાન શક્તિનાં અંધ અને અચેતન કાર્યો દ્વારા, ને ક્ષુદ્ર વસ્તુઓનો જ આધાર લઈને ક્ષુલ્લક રજકણમાંથી એણે ચમત્કારક સચરાચરની સુરચના કરેલી છે. મનની પંગુતા, જીવનની ક્યાશ, પાશવ છળવેશો ને પાપની પ્રવૃત્તિઓ જોવામાં આવે છે ખરાં, પણ તે તો માત્ર એની લીલાના અમુક પ્રસંગો છે, એના ભયાનક નાટકની ભજવણીનાં પગથિયાં છે. એ સર્વની પાછળ એક ગહન રહેલી યોજના અમલમાં મુકાય છે, પારનું એક પ્રજ્ઞાન માર્ગ મેળવીને પગલાં ભરતું હોય છે. આ સર્વ દ્વારા રાત્રિની છાયામાં રહી પોતાના પ્રભુને મળવા નીકળેલી પ્રકૃતિનું દૃશ્ય દૃષ્ટિગોચર કરી શકાય છે.

પોતાની સૃષ્ટિ રચતી વિશ્વમાતાએ વિશ્વંભરને સમસ્યારૂપ બનેલા જગતમાં પૂરી રાખ્યો છે, સર્વજ્ઞને અજ્ઞાનની નિદ્રામાં નાખ્યો છે, સર્વશક્તિમાનને જડતાની પીઠે બેસાડી હંકાર્યો છે, મૃત્યુ દ્વારા અમૃતત્વને નિશ્ચિત બનાવ્યું છે. સનાતને પોતાના જ્ઞાનને અજ્ઞાનનું મુખછદ્મ પહેરાવ્યું છે, પાપની ક્યારીમાં પુણ્યનું બીજ બોયું છે, સત્યને પ્રવેશ આપવા માટે ભ્રમણાનું બારણું બનાવ્યું છે, શોકના અશ્રુજળે પરમસુખના છોડવાને પાણી પાવાનું રાખ્યું છે. હજારો સ્વરૂપો એકનો નિર્દેશ કરે છે, દ્વિવિધ સ્વભાવે અદ્વિતીયને આવરી લીધો છે. બન્ને વિરોધી પાસાંઓ પરસ્પર સંઘર્ષમાં પડયાં તો છે, છતાંય એક ઠોકરાતા માર્ગદર્શકની પાછળ ઠોકરાતું

બધું અજ્ઞાત માર્ગો પર થઈ અજ્ઞેય લક્ષ્ય પ્રત્યે આગળ જતું રહે છે.

જાણે કે કોઈ આસુરી જાદૂ થયો હોય તેમ સનાતન શક્તિઓ તિર્યંચ દિવ્યતાનાં સ્વરૂપો બની જાય છે ને જાનવરનું કે વેતાલનું મસ્તક ધારે છે. કોઈને હરણના કાન તો કોઈને દેવતાઈ ખરીઓ આવી જાય છે, તો કોઈની દૃષ્ટિમાં દૈત્ય ભરાઈ જાય છે. મનને તેઓ અટપટી ભુલભુલામણીમાં ફેરવી નાખે છે ને હૃદયને ઊલટસૂલટ પલટાવી દે છે. પછી તો ભયંકર મહેફિલો મંડાય છે. રે! પ્રભુને માટે માર્ગ કરતું જ્ઞાન પણ આ ઘોર રમતમાં ભાગ લેતું બની જાય છે ને પરિણામે ગહન જળમાંથી મળતાં સત્યનાં સુભગ મોતીડાં જતાં કરી, તટ સમીપનાં છીછરાં પાણીડાંમાંથી એ નાનકડાં માછલાં જેવા ક્ષુદ્ર વિચારોને જાળમાં ઝાલવા મંડી પડે છે. મર્ત્યની દૃષ્ટિ અજ્ઞાનની આંખે જોવા માંડે છે; ઊંડાણોમાં રહેલી વસ્તુ એને દેખાતી નથી. ભ્રમની લાકડીને ટેકે આપણું જ્ઞાન ચાલતું રહે છે, જૂઠા મતોમાં ને જૂઠા દેવોની ઉપાસનામાં પડી જાય છે, યા તો કોઈ એક અસહિષ્ણુ ઉગ્ર પંથે ધર્માન્ધતાથી ધૂંઆંપૂંઆં થતું રહે છે, અથવા તો સત્યપ્રકાશની વિરુદ્ધમાં એક ઇનકાર ઊભો કરી દે છે. વખતે એ માનવ-દ્વેષી બની જઈ માનવમાં રહેલા દેવને દંડે છે ને દફનાવી દે છે, ઘોર દૈત્યનું એનું મસ્તક વ્યોમ પર્યંત ઊંચું કરી તારામંડળને ભૂંસી નાખે છે ને મનના મેઘાડંબરથી સત્યના સૂર્યને સંતાડી દે છે.

આ બધું હોવા છતાંય પ્રભુનો પ્રકાશ છે જ છે. પ્રકૃતિને દ્વારે એ વાટ જોતો ઊભો છે. પ્રકાશમાન સિતારા જેવો એ અજ્ઞાનના મહાસાગર પર વિરાજે છે. જ્ઞાનની અભિવૃદ્ધિ થતાં એ અંતરમાંથી ભભૂકી ઊઠે છે. એ છે મનમાં રહેલો મહાયોધ, સમરાંગણમાં સંરક્ષતું અભેદ્ય કવચ, સારંગપાણિનું સારંગ.

પછી આવે છે પ્રૌઢ પ્રભાતો. વિચારનાં વાદળછાયાં શિખરો પર તત્ત્વજ્ઞાન આરોહે છે, પદાર્થ-વિજ્ઞાન બાધાઓ ભેદી પ્રકૃતિનાં છૂપાં રહસ્યોને પ્રકાશમાં આણે છે અને પ્રકૃતિએ બંદી બનાવી રાખેલી એની પોતાની જ શક્તિથી એને જીતી લે છે. જીવ શિવની મૃત્યુંજયતામાં પ્રવેશ કરે છે અને મનુષ્યનું જ્ઞાન પ્રભુનો પરમોચ્ચ પ્રકાશ બની જાય છે. નીરવ બનેલો વિચાર તેજસ્વી રિક્તતામાં દૃષ્ટિપાત કરે છે, રહસ્યમય શિખરો પરથી નિગૂઢ નાદ ઊતરી આવે છે અને ગહન નિશા સાથે સંભાષણ કરે છે.

અજ્ઞાન પૃથ્વીલોકથી ઊર્ધ્વે આરોહતી ભૂમિકાઓમાં એક હસ્ત અદૃશ્ય-સ્વરૂપના પ્રદેશ પ્રત્યે ઊંચકાયેલો છે. અજ્ઞાતનાં અવગુંઠનો એ ખેંચી લઈને અળગાં કરે છે ત્યારે અંતરાત્મા સનાતનનાં નયનો શું નયન મિલાવે છે, અણ-સુણાયેલો શબ્દ સાંભળે છે, વિચારોને આંજી નાખી અંધ બનાવી દેતી જવાળામાં થઈને પાર જુએ છે, સત્યનાં ધાવણ ધાવે છે ને શાશ્વતીનાં રહસ્યોનું જ્ઞાન મેળવે છે.

હે યમરાજ! આ પ્રમાણે જે બધું રાત્રિના અંધકારમાં નિમગ્ન થઈ સમસ્યારૂપ બની ગયું હતું તે બધું પાછું પ્રભાસમાન ભાસ્કર સાથે સંયોગ સાધવા ઊર્ધ્વે

ઉદ્ધારાય છે. અત્યારે તારું જે રાજ્ય ચાલી રહ્યું છે તેનું રહસ્ય આ છે. અંધકારે પ્રભુના પ્રદેશોનો કબજો કર્યો ત્યારે જડદ્રવ્યનું જગત તારા અમલ નીચે આવ્યું, સનાતનનું મુખ ઢંકાઈ ગયું, સૃષ્ટિનો સર્જક આનંદ સૂઈ ગયો અને જગતી પોતાના સત્ય સ્વરૂપને ભૂલી ગઈ. અત્યારે મૃત્યુ અને અજ્ઞાનનું શાસન ચાલે છે તે છતાંય સનાતનની સ્મૃતિ વિધવિધ પ્રકારે જાગ્રત થતી રહે છે, અને પ્રકૃતિ વિષાદવદના બની ગઈ છે છતાંય પૃથ્વીએ પોતાની આદિ કાલની ચારુતા હજી સાચવી રાખી છે; પરંતુ એનો અંતર્નિવાસી પ્રભુ અવગુંઠિત થઈ ગયો છે, એનું સત્ય સ્વરૂપ એને પ્રાપ્ત થયું નથી તેથી એ રડે છે ને પોતાનાં સંતાનોને રડાવે છે.

અકાળ ને અપક્વ જન્મને કારણે આપણો સ્વભાવ વિકૃત થઈ ગયો છે. જીવનના આઘાતોને એ વાંકા જવાબ આપે છે, વિકૃતિની વિષમ વારુણીનું એ પાન કરે છે, જગતનાં દુ:ખોમાં એ કડવો સ્વાદ માણે છે જીવનના વિશુદ્ધ આનંદને એક શાપ નડે છે. પ્રમોદ ને સુંદરતાની જોડીથી સાધુસંતો ને તપસ્વીઓ ભડકે છે. તેઓને મન એ પાતક છે, આત્માને લલચાવી આત્મવિનાશે લઈ જાય છે. પાપને પ્રાકૃત પરમાનંદનું બાળક માનવામાં આવે છે. ને તેમ છતાંય એકેએક જીવ સુખના શિકારમાં મંડયો રહે છે. ભાગ્ય સુખની ભૂખને પોતાનો ગલ બનાવે છે. સુખને માટે કાળા-ધોળા બધા ઉપાયો યોજાય છે, ક્ષણિક સુખસંગને માટે શાશ્વતતાનું બલિદાન અપાય છે. પ્રભુની પરમાનંદની સૃષ્ટિનો કબજો એક અજ્ઞાન શકિતએ લઈ લીધો છે. મૃત્યુની અપાર ઊંડી અસત્યતાએ જીવન ઉપર સામ્રાજ્ય સ્થાપ્યું છે.

વસ્તુમાત્રના ઊંડા મૂળમાં આનંદ ગુપ્ત ભાવે રહેલો છે. આપણો ઊર્ધ્વસ્થ આત્મા એના નીલાંબરી શ્વાસોચ્છ્વાસ લે છે, આપણું હૃદય અને શરીર એનો અસ્પષ્ટ સાદ સંવેદે છે, આપણી ઇન્દ્રિયો એને માટે આંધળાં ફાંફાં મારે છે, એનો સ્પર્શ મેળવે છે ને ગુમાવે છે. પ્રભુના આનંદને અનંતે અવકાશ આપ્યો છે, પ્રભુના આનંદને માટે આપણો જન્મ થયો છે. સચરાચરમાં જે કંઈ છે તે સર્વની અંદર એ અદ્‌ભુત આનંદનો પસારો થયેલો છે. અજ્ઞાનને કારણે આવતા શોકમાં, દુ:ખમાં, પરિશ્રમોમાં ને કઠોર પરિસ્થિતિઓમાં મૃત્યુ હોવા છતાંય અસ્તિનો આનંદ આગ્રહભર્યો રહેલો છે. આપણા પ્રત્યેક અનુભવમાં એનો ઉદય થાય છે, પાપમાં તેમ જ પુણ્યમાં એ પ્રકટ થાય છે, કર્મધર્મની પરવા કર્યા વિના નિષિદ્ધ ભૂમિકામાંય એ અંકુરિત થવાની ધૃષ્ટતા કરે છે. સુખદુ:ખ એને પોષે છે, ભય ને જોખમ એના ઓજને સતેજ બનાવે છે. પ્રકૃતિની નાની-મોટી, ભવ્ય-અભવ્ય, સુંદર-અસુંદર, સર્વે વસ્તુઓમાં એનો વિહાર થાય છે ને એ આસુર તેમ જ દૈવ સ્વરૂપ પ્રત્યે વાધે છે. જીવનનું માધુર્ય એ માણે છે, તિક્ત મદિરાનું પાન કરે છે, દેવ-દાનવની પ્રણાલીઓમાં પગલાં માંડે છે, ઊર્ધ્વે ઉછાળો મારે છે, પાતાળમાં ભૂસકો મારે છે, વિશ્વના વિરાટ વિસ્તારોને એ વિહારસ્થાન બનાવી દે છે.

પણ આ ખતરનાક ખેલ હમેશ માટે ચાલતો નથી. પરમોદાત્ત સત્ય સર્વને સાદ કરે છે. પ્રજ્ઞાન અને પ્રહર્ષ પોતાની સંપૂર્ણ સિદ્ધિ મુક્તિ પામેલી પૃથ્વી માટે તૈયાર કરી રહેલાં છે. અને અંતે આપણો આત્મા સનાતન સદ્-વસ્તુ પ્રત્યે વળે છે ને પ્રત્યેક મંદિરમાં એક પ્રભુને પ્રેમાલિંગનમાં લેવા માટેનો પોકાર કરે છે. પછી તો ચિરવાંછિત ચમત્કાર પ્રત્યક્ષ થાય છે. ગગનના તારકો પર અમર આનંદ પોતાની અદ્ભુત આંખો ઉઘાડે છે. એનાં બ્રહ્માંડવ્યાપી બૃહદ્ અંગો સળવળવા માંડે છે, એના પ્રેમનાં ઊર્મિગીતોથી કાળ રોમહર્ષ અનુભવે છે, અખિલનાં આકાશો શોભમાન નિઃશ્રેયસે ઊભરાઈ જાય છે. વાણી અને વિચાર વગરના નિઃસ્પંદ સત્-સાગર પર એની પ્રસન્નતાની પાંખો પ્રસારાય છે, સત્યના સૂર્યના હેમલ હાસ્યથી એ સ્નપિત થાય છે. આ અવસ્થામાં અવસ્થાન કરવા માટે સૃષ્ટિ શૂન્યમાંથી સમુદ્ભવી છે, એને માટે જ આપણા આત્માઓ અગાધ ગર્તમાં નીચે ઊતરી આવ્યા છે ને એમણે જડદ્રવ્યની શક્તિને પોતાના ઓજથી ભરી છે, રાત્રિના હૃદયમાં પ્રકાશનું પવિત્ર મંદિર રચવાનું ને મૃત્યુના પ્રદેશમાં અમૃતત્વને પુનઃ વસાવવાનું મહાકાર્ય ઉપાડ્યું છે.

પૃથ્વી પંકમાંથી પ્રારંભ કરે છે ને સ્વર્ગાકાશમાં સમાપ્તિ પામે છે. દેહલાલસાએ ભર્યો પાશવ પ્રેમ પ્રભુના પ્રેમમાં પરિણત થાય છે, દેહ દેવાગાર બની જાય છે. પરમપ્રેમી ઝૂકીને વિશ્વસમસ્તને એક પોતાના હૃદયમાં લઈ લે છે. રાત્રિના તિમિરનું ને મૃત્યુનું કાર્ય એળે જાય છે. જ્યારે એકતા પ્રાપ્ત થાય છે, સંઘર્ષનો અંત આવે છે, સર્વ વિજ્ઞાત થઈ જાય છે ને સર્વે પ્રેમના આલિંગનમાં આવી જાય છે ત્યારે અજ્ઞાન અને દુઃખ પ્રત્યે કોણ પાછું વળવાનું?

હે મૃત્યુદેવ! અંતરમાં મેં તારી ઉપર વિજય મેળવ્યો છે. એક અથાગ શાંતિએ મારા શરીરનો ને ઇન્દ્રિયોનો કબજો લઈ લીધો છે. મારો પ્રેમ પ્રભુની શાંતિના સિંહાસન ઉપર વિરાજમાન થયો છે. પ્રેમે તો સ્વર્ગો પાર સંચરવાનું છે, એની માનુષી પ્રથાને પ્રભુતાની પ્રથામાં પલટાવવાની છે. મેં તારી પાસે જીવંત સત્યવાનની જે માગણી કરી છે તે કેવળ મારા હૈયાના હર્ષ માટે કે મારી કાયાના સુખ માટે નહીં, પણ અમને સોંપાયેલા પરમાત્મદેવના પવિત્ર કાર્યની સિદ્ધિને માટે. અમારાં જીવન પ્રભુના પાઠવેલા દૂત બનીને પૃથ્વી ઉપર આવેલાં છે. પ્રભુના પ્રકાશને પ્રલોભાવીને અજ્ઞાન લોક માટે પૃથ્વી ઉપર લાવવા માટે, મનુષ્યોનાં ખાલી હૈયાંને પ્રભુપ્રેમથી ભરવા માટે, પ્રભુના પરમાનંદથી વિશ્વના વ્રણોએ રૂઝ લાવવા માટે અમે બન્નેય આવ્યાં છીએ. સ્ત્રી-સ્વરૂપિણી હું પ્રભુની શક્તિ છું, પુરુષરૂપ સત્યવાન સનાતનનો પ્રતિનિધિ છે. અમારા પ્રેમ ઉપર પરમાત્માની મહોરછાપ મરાઈ છે ને એને હું તારી સામે સંરક્ષી રહી છું. કેમ કે પૃથ્વી ઉપર પ્રેમે અવશ્ય રહેવું જોઈએ. પ્રેમ છે પૃથ્વીલોકને ને સ્વર્ગલોકને સંયોજનારી સુંદર કડી, પૃથ્વી ઉપર પ્રભુનો દિવ્ય દૂત. પ્રેમ છે પરાત્પર પરમાત્મા ઉપરનો મનુષ્યનો જાગીરી દાવો."

કટાક્ષમાં હસીને નિરુત્સાહિત કરતો યમ બોલ્યો:

"આ પ્રમાણે જ મનુષ્યો ભવ્ય ભવ્ય વિચારોથી સત્યની પ્રવંચના કરે છે. ને તું પણ દેહની નગ્ન લાલસાઓને અને હૃદયના લોલુપ ભાવાવેગોને ઢાંકવા માટે ધૂર્ત મન પાસે આદર્શની હવાનાં નાજુક વસ્ત્રાચ્છાદનો વણાવે છે, ખરું ને? આને બદલે તો જો તું તારા વિચારોને સાદા સીધા વફાદાર અરીસાઓ જેવા બનાવી દે તો સારું, કે જેથી તેમનામાં જડદ્રવ્યનાં ને મર્ત્યતાનાં સાચાં પ્રતિબિંબો પડે અને તને જ્ઞાન થઈ જાય કે જેને તું તારો આત્મા માને છે તે માત્ર માંસમાટીની જ પેદાશ છે. તારા સ્વપ્નના પ્રભુનો મહિમા માનવના મલિન હૃદયમાં શી રીતે ઘરવાસો કરી શકશે? ને જેને તું મનુષ્ય કહે છે તે બેપગાળા જંતુમાં દિવ્યતાના સ્વરૂપને કોણ જોઈ શકશે? રંગરોગાન ચડાવેલાં મનનાં મહોરાં વેગળાં કર. કુદરત તને જે જંતુ જીવ બનાવવા માગે છે તે બન. વ્યર્થ જન્મનો ને સંકુચિત જીવનનો સ્વીકાર કર. કેમ કે સત્ય છે નંગા પથ્થર જેવું ને મરણ જેવું કઠોર. તુંય એના જેવી બની જા."

પણ સાવિત્રીએ ઘોર સંતાપકારી દેવને જવાબ આપ્યો:

"હા, હું માનુષી છું, પણ પ્રભુની પળ આવશે ત્યારે મનુષ્ય મારા દ્વારા તને પગ નીચે ખૂંદીને અમર શિખરોએ આરોહશે અને દુ:ખ, શોક, દૈવ અને દેહાંત-દંડને વટાવીને પેલે પાર જશે. મારામાં પ્રભુનો નિવાસ છે, પ્રભુ મારાં કર્મોને પ્રેરે છે. હું છું પરમાત્મ જ્યોતિનું સજીવન શરીર, પ્રભુની શકિતનું વિચાર કરતું શસ્ત્ર. માનવ હૃદયમાં હું પરમના પ્રજ્ઞાનને પિંડધારી બનાવું છું. વિશ્વંભરનો હું વિજય છું, હું છું સર્વેશ્વરનો સંકલ્પ. મારામાં અનામ તેમ જ નિગૂઢનામ, ઉભય વિદ્યમાન છે."

અવિશ્વાસી અંધકારમાંથી અવાજ ઊઠયો:

"ઓ કલ્પનાના ધામની પૂજારણ! એવું હોય તો પ્રથમ તું કુદરતના નાફેર કાયદાઓને બદલી નાખ ને અશકયને તારું નિત્યનું કાર્ય બનાવ, બે નિત્યની વિરોધી વસ્તુઓનો મેળ તું શી રીતે સાધી શકવાની છે? તારો સંકલ્પ સત્યને અને અસત્યને શી રીતે એક બનાવશે? જયાં જડદ્રવ્ય જ સર્વ કાંઈ છે ત્યાં આત્મા કેવળ સ્વપ્ન છે; જયાં આત્મા સર્વ કાંઈ છે ત્યાં જડદ્રવ્ય છે જૂઠાણું. સત્ અસત્ સાથે સંયોગ સાધી શકવાનું નથી. પ્રભુ તરફ વળનારાએ જગતને છોડવું પડશે, આત્મામાં નિવાસ કરવા માગતો હશે તેણે જીવનનો ત્યાગ કરવો પડશે. આત્માનો સમાગમ જેણે સાધ્યો છે તેણે જાતને જતી કરી છે. મનના મનમાન્યા માર્ગોએ ગયેલા જ્ઞાનીઓ નિર્વાણના સલામત બંદરે પહોંચ્યા છે. શરીરનું મરણ માણસને જડદ્રવ્યના દ્વાર દ્વારા શાંતિએ લઈ જાય છે, ચૈત્યનું મૃત્યુ એને અંતિમ મહાસુખે પહોંચાડે છે. હું મૃત્યુ જ પ્રભુ છું. હું જ સર્વનો સર્વાશ્રય છું."

સાવિત્રીએ કૃતાન્તને કહ્યું: "મારું હૃદય તારા તર્કો કરતાં વધારે સમજદાર છે, તારા પાશો કરતાં વધારે પ્રભાવશાળી છે. વિશ્વસમસ્તમાં એ એક મહાહૃદયને ધડકી રહેલું અનુભવે છે, પરમાત્માના પ્રકાશમાન હસ્તને જુએ છે, કાર્ય કરી રહેલા વિશ્વાત્માનાં દર્શન કરે છે. છાયાએ છવાયેલી રાત્રિમાં એ પોતાના પ્રભુ સાથે

એકાંતમાં પોઢેલું છે; અખિલ બ્રહ્માંડના શોકને ધારણ કરવાનું એનામાં સામર્થ્ય છે. પોતાના પ્રભા-પંથ પર પ્રભુની પરમ શાંતિમાં રહી એ પોતાની શુભ્ર કક્ષામાં યાત્રા કરતું રહેશે. અનંત આનંદના મહાસિંધુને પી જવાની એનામાં ક્ષમતા છે. અને તે છતાંય એ એનો અધ્યાત્મ સ્પર્શ ગુમાવવાનું નથી, અનંતની અપાર શાંતિમાંથી વિચલિત થવાનું નથી."

યમ બોલ્યો: "શું તારો આત્મા આવો ઓજસ્વી છે? શું તું સર્વથા મુક્ત-નિર્મુક્ત છે? માર્ગ પરનાં મધુરાં સુમનોને સેવ્યા છતાંય શું તું માર્ગભ્રષ્ટ નહિ થાય એવી છે? જો ખરેખાત તું એવી જ હોય તો તારી શક્તિનો પરચો આપ. મારા નિયમોથી તું બંધાયેલી ન હોય તો તે પ્રત્યક્ષ કરી બતાવ."

સાવિત્રી બોલી: "જીવનનાં હરિયાળાં ને મર્મરતાં વનોમાં હૂંફાળા હૈયાના ગાઢ હર્ષો મને અવશ્ય મળશે અને એ એના ને એને માટે હશે તેથી મારા પણ હશે; કેમ કે અમારા આનંદો અભિન્ન ને એક છે. અને મને મોડું થશે તો પણ અમારે માટે ને પ્રભુને માટે કાળ તો છે જ. હું પડીશ તો પણ શું એનો હસ્ત મારી પાસે જ નથી? અમારાં જીવનોનું સર્વ કાંઈ એક જ યોજના અનુસારનું છે. માર્ગે થયેલું પ્રત્યેક કાર્ય આત્માના પ્રત્યુત્તરને વધારે ગહન બનાવે છે અને લક્ષ્યને નિકટતર લાવે છે."

શૂન્યસ્વરૂપ મૃત્યુએ સતિરસ્કાર ઉચ્ચાર્યું: "તો આમ પૃથ્વીલોકનું સુખ પસંદ કરીને તું જ્ઞાનવાન દેવો આગળ તારી મહાશક્તિ પ્રકટ કરે છે! બધું તું જાત માટે માગે છે, છતાં જાતથી ને જાતનાં જાડાં છદ્મોથી મુક્ત રહે છે! તો લે, તારા જીવે ઝંખેલી બધી વસ્તુઓ હું તને આપું છું. કેવળ સત્યવાન તને કદી પાછો મળવાનો નથી. મારો સંકલ્પ સર્વકાળ એવો ને એવો જ અફર રહે છે."

સાવિત્રી બોલી: "રે! અંધકારની આંખો જો સત્ય સામે સીધેસીધું જોઈ શકતી હોય તો મારા હૃદય તરફ દૃષ્ટિ કરીને જો, ને હું કોણ છું તે જાણી લઈ તારી ઇચ્છા હોય તે, યા તો તારે આપવું જ પડે તે આપ. બાકી એક સત્યવાન સિવાય બીજા કશા માટે હું દાવો કરતી નથી."

ચૂપકીદી વ્યાપી. યમદેવે નીચી મૂંડીએ ભાવ વગરની સંમતિ આપી: "મરણથી અને દારુણ દુર્ભાગ્યથી બચેલીને તને બધું આપું છું—જીવતા સત્યવાને પોતાના હૃદયમાં તારે માટે જે જે ઇચ્છ્યું હતું તે બધું તને આપું છું: રૂપે, રંગે, હૃદયે અને માનસે તારા જેવી પુત્રીઓ, સ્વરૂપવાન અને વીર્યવાન પુત્રો અને પ્રિયતમ પતિ સાથેના મિલનનું અબાધિત માધુર્ય તને આપું છું. પૌત્રપૌત્રીઓનો ને સારાયે પ્રેમાળ મહાકુટુંબનો અન્યોન્યને આનંદ આપતો ને પરસ્પર સેવા સમર્પતો મનોહર મેળો તને આપું છું. વત્સે! તારી તજાયેલી પૃથ્વી પ્રત્યે પાછી ફર."

સાવિત્રી વદી: "પણ આ તારાં વરદાનો તો પોતે જ પોતાનો વિરોધ કરે છે. હું એકલી જ પાછી ફરું તો પૃથ્વીની વાડી શી રીતે ફાલવા—ફૂલવાની હતી?"

યમે પાછી રોષભરી રાડ પાડી, છટકી જતા શિકારને સિંહ ત્રાડ પાડી તર્જતો હોય તેમ : "પૃથ્વી ઉપરના અતિ સમૃદ્ધ જીવન બાબત તું શું જાણે? એક માણસ મરી ગયો એટલે કંઈ બધો આનંદ મરી જતો નથી. અંત પર્યંત તું કંઈ અસુખમાં જ રહેવાની નથી. તારા ખાલી થયેલા હૈયાને ભરવા બીજા નવા મહેમાનો આવશે."

પરંતુ સાવિત્રીએ કહ્યું : "મને તો તું સત્યવાન જ પાછો આપ, એક એ જ મારા સત્ત્વનો સ્વામી છે. ક્ષણભંગુર વસ્તુઓમાં સનાતન સત્યને સંવેદતા મારા આત્માને તારા ખ્યાલો પોલા ને પોકળ જણાય છે."

યમે જવાબ આપ્યો : "પાછી ફર ને તારા જીવને અજમાયશ આપ; અલ્પ સમયમાં જ તને જણાશે કે અન્ય અનેકોમાંય સૌન્દર્ય છે, શકિત છે, સત્ય છે. પછી તો જ્યારે તું અર્ધું ભૂલી ગઈ હશે ત્યારે તેમાંનો કોઈ એક તારા હૃદયનો સાથી બની જશે. તારું પોતાનું હૃદય પણ આવું જ કાંઈક માગે છે, કેમ કે આ જગતમાં એકલવાયું જીવન કોઈને ગમતું નથી. સત્યવાન ભૂતકાળની વસ્તુ બની જશે, નવો પ્રેમ ને સંતાનોના સુકોમળ કર એની સ્મૃતિને કયાંય દૂર સેરવી દેશે. જાણે કે પૃથ્વીલોકનું જીવન એક સરિત્ સમાન છે ને અખંડ ધારે એ વહેતું હોવા છતાંય કદીય એનું એ જ હોતું નથી."

પણ સાવિત્રી બોલી : "ઓ કાળમુખા વક્ર વિતંડાવાદી! કો ધન્ય ક્ષણે હૃદય જેને પોતાની અંદર પધરાવે છે અને અમર આત્મા જેને આત્મીય બનાવશે તેને માટેની સ્ખલનશીલ મનની ને શરીરની શોધનો તું ઉપહાસ કરે છે. પરિત્યકત હોવા છતાં મારું હૃદય પોતાના પ્રેમપ્રતિષ્ઠિત દેવને આરાધી રહ્યું છે; એને પગલે પગલે પ્રયાણ કરવાની મારી ભાવના ભભૂકતી રહી છે. પર્વતરાજ પર પરમાત્મા સાથે એકાંત સેવતું દૈવી યુગલ, તે શું અમે નથી? મૃત્યુદેવ! નકામી રકઝક છોડી દે. મારું મન સાંધ્ય વિચારોમાંથી વિનિર્મુકત થઈ ગયું છે. દેવોનાં રહસ્યો મારી સમક્ષ પ્રકટ થઈ ગયાં છે. તું શું નથી જાણતો કે મારા જ અખંડ જ્વલતા અગ્નિથી તારાઓ દેદીપ્યમાન બનેલા છે? આ અગ્નિમાં જીવન અને મરણ ઇન્ધન રૂપે અર્પાય છે. જીવન પ્રેમનો મારો અર્ધ-પ્રયત્ન છે. પૃથ્વીએ મારી મથામણ જોઈ છે, સ્વર્ગે જોયો છે મારો જય. બધું જ પકડમાં લેવાશે અને પાર ઓળંગાશે. સનાતન વર અને સનાતન વધૂ અગ્નિની સમક્ષ પોતપોતાનાં અવગુંઠનો અળગાં કરશે ને અન્યોન્યને મીઠડી સમર્પશે. દેવધામોએ અમારાં ખંડિત થયેલાં ઉડ્ડયનોને અપનાવ્યાં છે. આશાનો એકેય સંકેતનો પ્રકાશ ઓળે ગયો નથી."

સાવિત્રીનાં વચન સાંભળતાં સાંભળતાં યમદેવના વિરાટ વપુનાં અંગેઅંગ ગુપ્ત મહામુદાથી આક્રાંત થઈ સકંપ બની ગયાં. વિદારાતા બુરખાની માફક સાંધ્ય પ્રકાશ પ્રકંપિત થયો.

આમ બન્ને પ્રતિપક્ષીઓએ વાણીનાં શસ્ત્ર પ્રયોજ્યાં. એમની આસપાસ એક ઘેરી બનતી અર્ધ-જ્યોતિ મૌકિતકમયી પાંખો પસારી દૂરના આદર્શ પ્રભાતે પહોંચવા

વેગ પકડતી હતી. ચકમકતા ધુમ્મસમાં સાવિત્રીનાં ચિંતનો શુભ્ર પાંખોએ ઊડતાં 'તાં ને તે તરફની આભાઓ અને અવગુંઠનો સાથે સેળભેળ થઈ જતાં 'તાં. સાવિત્રી નિઃશબ્દ સંકલ્પની સ્થિરતા સાથે ચાલતી હતી. એની સામે દર્શનોના પ્લવમાન પડદાઓ હતા ને એના ચરણો પાછળ સ્વપ્નાંઓનો ઝભ્ભો તણાઈ આવતો હતો પરંતુ હવે એના આત્માની જાજ્વલ્યમાન સચેત શક્તિ એના વિચારોને વાણીમાંથી પાછા વાળી લઈ ગહનમાં આવેલા ધ્યાનમંદિરમાં આસનારૂઢ બનાવતી હતી. કેમ કે હવે તો ત્યાં ચૈત્યાત્માનું સુદૃઢ સત્યમાત્ર નિવાસ કરી શકતું હતું. દેવોની વેદિઓ જેના વડે પ્રજ્વલિત કરાય છે તે ગાર્હસ્થ્ય અગ્નિની સાક્ષી ને પ્રહરી પાવક-જ્વાલા ઊર્ધ્વે આરોહતી હતી.

હજીય ત્રણે જણાં જાણે બલાત્કારે પ્રેરાતાં હોય તેમ સરકી રહ્યાં હતાં. હજીય આ ભુવનોનો ક્રમ ઊલટો રહેલો હતો: મર્ત્યની નેતાગીરી હતી, દેવ અને પ્રેત આધીન થતા હતા. સાવિત્રી સૌની પાછળ ચાલતી હોવા છતાં આગળ ચાલનારાઓને એ જ દોરતી હતી. ચમકતાં ધુમ્મસો સાથમાં સરતાં હતાં, પણ હવે એ વ્યગ્ર બનીને વધારે વેગથી ભાગતાં હતાં, સાવિત્રીના આત્માની વિશદતાથી જાણે બચવા માગતાં ન હોય. આગળ હતો યમ. એની પાછળ ચાલતો સત્યવાન એક લોપ પામતા તારા જેવો લાગતો હતો. ઉપર તોળાયું હતું એના ભાગ્યનું અદૃશ્ય ત્રાજવું.